Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

**F.Y.B.Com.- Sem I – Gujarati Medium**

Foundation Course in English: Language Through Literature

Date : 15/09/2017 Roll No.
Time : 08:00 to 10:00 Total Marks: 50

**Instructions: Figures to the right indicate full marks.**
**Indicate your options clearly.**

**1.** Answer briefly ***any five*** of the following: **(10)**

1. Describe astrologer's appearance.

2. How does Nathaniel Branden differentiate high Self-esteem from Low Self-esteem?

3. What were the two things that the James Dillingham Youngs took great pride in?

4. Who is Robert Burns addressing in the poem *A Red, Red Rose*?

5. What are the features of the city that Wordsworth list in the poem *Upon Westminster Bridge*?

6. When did the astrologer usually start his day's business?

7. Describe Della's hair.

**2. a.** What according to you is the relevance of the title of the story - *The Gift of the Magi*? **(13)**

**OR**

**b.** Narrate the theme of *Upon Westminster Bridge*. **(13)**

**3. a.** Draft a dialogue on ***any one*** of the following situations: **(06)**

1. Kaushal invites his friend Krina and Karan to go with his family on a picnic. Krina accepts the invitation but Karan denies as he has to go to Delhi for urgent work.

2. Sakshi requests her neighbour, Madhu, to teach her to bake a cake.

**b.** Write a paragraph on ***any one*** of the following topics: **(07)**

1. My favourite sport

2. The Corruption in India

P.T.O.

**4.** Do as directed : (**any seven**) **(14)**

1. All ________ (Glorious) and ________ (shine) in the Smokeless air.
   (use the synonym of the word in bracket to fill the blank)

2. Della doubled the fob chain ________ her hand and sat ________ the corner of the table near the door.
   (Insert appropriate prepositions)

3. We faces the basic ________ (dare) of life because of the Self-esteem, and we feel ________(unhappiness) in our life. (use the antonym of the word in the bracket to fill the blank)

4. 'The Gift of the Magi' is the story ________ a poor couple, who take great pride ________ two separate possessions. (Insert appropriate prepositions)

5. Higher self-esteem represents our ________ (strong) side and represent our sense of ________. (rich)
   (Add appropriate suffix to the word in bracket to fill the blank)

6. When astrologer reached home at midnight, his wife was waiting ________ him ________ the door and demanded an explanation. (Insert appropriate prepositions)

7. People with low ________ (esteem) see themselves failing before they begin, and ________ (satisfied) with their lives. (Add appropriate prefix to the word in bracket to fill the blank)

8. Self-esteem inspires us ________achieve and allows us to take pleasure and pride ________ our achievements.
   (Insert appropriate prepositions)

Best of Luck

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

## Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

વિષય : બેંકિંગ અને વીમાના મૂળતત્વો

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૮/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં.૧ ફરજિયાત છે.
(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) બેંકિંગનો અર્થ સમજાવો.

(૨) ભારતીય સહકારી બેંકિંગ માળખું કયા પ્રકારનું છે ? તેના વિવિધ સ્તર પર રહેલી સંસ્થાના માત્ર નામ જણાવો.

(૩) અધિકવીમો અને બેવડોવીમાના અર્થ સમજાવો.

(૪) શરણમૂલ્ય એટલે શું ?

(૫) અધિકાર પ્રદાન એટલે શું ?

૨. (અ) આધુનિક વેપારી બેંક કોઈપણ ચાર બિનપ્રણાલિકાગત કાર્યો સમજાવો (૦૭)

(બ) જિલ્લા સહકારી બેંકના કાર્યો અને તેનાં નાણાં પ્રાપ્તિનાં સાધનોની ચર્ચા કરો. (૦૭)

**અથવા**

૨. (અ) વેપારી બેંકની મર્યાદાઓ વર્ણવો. (૦૭)

(બ) સહકારની વ્યાખ્યા આપી સહકારી બેંકનાં લક્ષણોની ચર્ચા કરો.. (૦૭)

૩. (અ) વીમાના વ્યકિતના સંદર્ભમાં થતા ફાયદાઓની ચર્ચા કરો. (૦૭)

(બ) વર્ષાસન એટલે શું ? તેના ફાયદાઓ જણાવો. (૦૭)

**અથવા**

૩. (અ) વીમાંના મૂળભૂત સિધ્ધાંતો ટૂંકમાં સમજાવો. (૦૭)

(બ) વીમાની મર્યાદાઓ (ગેરલાભો) સમજાવો. (૦૭)

૪. ટૂંકનોંધ લખો. ( કોઈપણ બે ) (૧૨)

(૧) રિઝર્વ બેંકના હેતુઓ

(૨) અનુસૂચિત બેંક અને બિનઅનુસૂચિત બેંક

(૩) હયાતીના વીમા પોલિસીના લાભો

(૪) આજીવન વીમા પોલિસી

%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

વિષય : ધંધાકીય અર્થશાસ્ત્ર

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......
તા. ૧૩/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. ધંધાકીય અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપો.

૨. સીમાંત આવક કોને કહેવાય ?

૩. માંગવિધેય એટલે શું ?

૪. માંગ આગાહી એટલે શું ?

૫. સમતૂટ બિંદુ એટલે શું ?

૨. માંગની મૂલ્ય સાપેક્ષતાનો અર્થ સમજાવી તેના પ્રકારો અને તેને અસર કરતાં પરીબળોની સમજૂતી આપો. (૧૪)

**<u>અથવા</u>**

૨. માંગ વિશ્લેષણનું મહત્વ સમજાવી માંગના નિર્ણાયક પરિબળો સમજાવો.

૩. માંગ આગાહીની વલણપધ્ધતિ સમજાવો અને સારી માંગઆગાહીની પધ્ધતિના ધોરણો સમજાવો. (૧૪)

**<u>અથવા</u>**

૩. ટૂંકાગાળાના ખર્ચ અને ઉત્પાદન અંગેના સંબંધોની આકૃતિ સહિત સમજૂતી આપો.

૪. ટૂંકનોંધ લખો ( ગમે તે **<u>બે</u>** ) (૧૪)

૧. લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખા

૨. વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ

૩. માંગની આવક સાપેક્ષતા

૪. સમતૂટ બિંદુની ઉપયોગીતા

%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

વિષય : વાણિજય સંચાલન –૧

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......
તા. ૧૯/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)
(૧) સંચાલનના ' 6M ' જણાવો.
(૨) વ્યૂહાત્મક આયોજન એટલે શું ?
(૩) પ્રબંધની પ્રક્રિયાના તબકકા માત્ર જણાવો.
(૪) અંદાજપત્રીય અંકુશનો અર્થ સ્પષ્ટ કરો.
(૫) ઉદ્યોગ સાહસિકતાની વ્યાખ્યા આપો.

૨. વૈજ્ઞાનિક સંચાલનના વિકાસમાં ફેડરિક વિન્સ્લો ટેલરે આપેલ ફાળાની ચર્ચા કરો. (૧૩)

**અથવા**

૨. નિર્ણય ઘડતરની પ્રક્રિયા વર્ણવો. (૧૩)

૩. અંકુશ વિસ્તારનો અર્થ જણાવી તેને અસર કરતાં પરિબળો સમજાવો. (૧૩)

**અથવા**

૩. શૂન્ય આધારિત અંદાજપત્રનો અર્થ જણાવી તેના લાભાલાભની ચર્ચા કરો. (૧૩)

૪. (અ) કોઈ પણ **એક** લખો. (૦૮)
(૧) ઉદ્યોગ સાહસિકતા વિકાસના લક્ષણો
(૨) ઉદ્યોગ સાહસિકતા વિકાસની પ્રક્રિયા

(બ) કેસ સ્ટડી : (૦૬)

કાપડની એક મિલના આયોજન વિભાગના વડા તરીકે તમને ખબર છે કે તમારી મિલની મિડિયમ વેરાયટીની માંગ બજારમાં ખૂબ રહે છે. આ ખર્ચા સહિત એક મીટર કાપડની પડતર રૂા.૪૪.૦૦ છે. તમારી મિલે ગયા વર્ષે આ કાપડનું ઉત્પાદન ૭૦ હજાર મીટર કર્યુ હતું. મિલના વિકાસ કાર્યક્રમ હેઠળ મિલ એક લાખ વીસ હજાર મીટર કાપડ પેદા કરશે. અત્યારે રૂા. ૫૦.૦૦ના મીટરના ભાવે મિલ કાપડ વેચે છે. બજાર સંશોધનથી જાણવા મળ્યું છે. કે રૂા. ૫૫.૦૦ મીટરનો ભાવ કરવામાં આવે તો પણ ૭૦ હજાર મીટર કાપડ વેચાઈ જાય, પરંતુ તેમ કરતાં આવતા વર્ષે બીજી મિલોની હરીફાઈને લીધે તમારી મિલના કાપડની માંગ ઘટી જાય એવી શકયતા છે. આયોજન વિભાગના વડા તરીકે તમે ભાવ અંગેની નીતિની કઈ યોજના સૂચવશો ? તમારા જવાબના ટેકામાં દલીલો રજૂ કરો.

%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

(??????? ??????)

**?????????? ??????**

તા-૧૨-૯-૨૦૧૭ બેઠક ન.........

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ કુલગુણ - ૫૦

**૧ ટૂંકમાં જવાબ આપો.** ૦૮

૧ .પર્યાવરણીય અભ્યાસની વ્યાખ્યા આપો.

૨ .પર્યાવરણના ઘટકો **નામ આપો.**

3. કઇ સંસ્થા દ્વારા *હૉર્નબિલ* નામનું મેગેઝીન પ્રકાશિત થાય છે?.

૪ . GEDA નું પૂરું નામ આપો.

૫ . BVIEERનું પૂરું નામ આપો.

૬ . ભારતના પ્રખ્યાત પક્ષીવિદ કોણ હતા?

૭. ભારતમાં હીરાની ખાણો કયાં આવેલી છે?

૮ '.વિશ્વ પૃથ્વી દિવસ 'ક્યારે ઊજવવામાં આવે છે?

**૨ ટૂંકમાં જવાબ આપો. (ગમે તે ચાર )** ૧૨

1. **વાતાવરણના આવરણો** સમજાવો.
2. સૌરઊર્જાના લાભો જણાવો.
3. વૃક્ષો છેદનથી થતા ગેરલાભો જણાવો.
4. ભારતના જૈવ ભૌગોલિક ક્ષેત્રો જણાવો.
5. નદીઓ પર બંધ બાંધવાથી પર્યાવરણ પર થતી અસરો જણાવો.

**3 ટૂંકનોંધ લખો. (ગમે તે બે )** ૧૪

(૧) બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી

(૨) ફુડ ટેક્નોલોજી અને તેને ફાયદા – ગેરફાયદા

(3) નિવસનતંત્રના પ્રકારો

(૪) જૈવ-વૈવિધ્યના સંરક્ષણની પધ્ધતિઓ

**૪ વિસ્તૃત જવાબ આપો .(ગમે તે બે)** ૧૬

૧.પર્યાવરણક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓના યોગદાન વિશે માહિતી આપો.

૨.ઊર્જાના પરંપરાગત સ્રોતો અને બિન પરંપરાગત સ્રોતો સમજાવો ,ઊર્જાની વ્યાખ્યા આપી.

3.નૈસર્ગિક સંપત્તિ વિશે સવિસ્તર સમજાવો

૪.નિવસનતંત્રના ઘટકો વિસ્તારપૂર્વક સમજાવો.

*********

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

## Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

વિષય : નાણાકીય હિસાબી પધ્ધતિ–૧

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૬/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : જરૂરી તમામ ગણતરીઓ તમારા જવાબના ભાગરૂપે દર્શાવવી.

૧. (અ) નીચેની બાકીઓને પ્રવાહિતાના ક્રમમાં ગોઠવો. (૦૨)

(૧) પ્રોવિડન્ટ ફંડ (૨) જાહેર થાપણો (૩ વર્ષ) (૩) મકાન ફંડ (૪) લેણદારો (૫) બેંક લોન (૨ વર્ષ) (૬) બાકી ખર્ચા (૭) મૂડી (૮) દેવી હૂંડી

(બ) એક ભાગીદારી પેઢીને કંપની પાસેથી ખરીદ કિંમત પેટે રૂા.૪,૫૦,૦૦૦ના ઈક્વિટી શેર દરેક રૂા.૧૦નો એક એવા મળ્યા. મળેલ શેર પૈકી ૨૦% ભાગના શેર ૧૦% પ્રીમિયમે એક ભાગીદારને આપ્યા છે. અને ૪૦% શેર ૧૦% વટાવે વેચી દીધા. (૦૨)

પેઢીના ચોપડે આમનોંધ લખો.

(ક) અ , બ અને ક અનુક્રમે ૩ : ૨ : ૧ ના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓની મૂડી અનુક્રમે રૂા.૩૦,૦૦૦ , રૂા.૨૦,૦૦૦ અને રૂા. ૧૦,૦૦૦ છે. પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું અને મિલકતો તથા દેવાનો નિકાલ માટે 'બ' ની નિમણૂંક કરવામાં આવી 'બ' ને મિલકતોની ઉપજાવેલ રકમ પર ૧૦% અને ભાગીદારોને ચૂકવેલ રકમ પર વધારાનું ૧૦% કમિશન આપવાનું છે. જો મિલકતોની ઉપજ રૂા. ૧૧,૦૦૦ હોય તો રોકડની હપ્તે –હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક મૂડી વધારાની પધ્ધતિ મુજબ તૈયાર કરો. (૦૩)

(ડ) જય , વિજય , સંજય અને અજય સરખા હિસ્સે નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે રૂા.૬૦,૦૦૦ (જમા), રૂા.૨૦,૦૦૦ (જમા), રૂા.૨૦,૦૦૦ (ઉધાર) અને રૂા.૩૧,૦૦૦ (ઉધાર) બાકી દર્શાવે છે. માલ મિલકત નિકાલ ખાતાની ખોટ રૂા.૨૦,૦૦૦ છે. અજય નાદાર છે. તેની મિલકતમાંથી કોઈ રકમ મળી શકી નથી. ભાગીદારી પેઢીના ચોપડે અજયની મૂડીતૂટ અંગે ગાર્નર વિ. મૂરેના ચુકાદા મુજબ આમનોંધ લખો. (૦૨)

(ઈ) નીચેના અંગે હિસાબી ધોરણ જણાવો. (નંબર) (૦૧)

(૧) હિસાબી નીતિઓનું પ્રગટીકરણ (૨) ઘસારાના હિસાબો

૨. માહી અને કોહલી અનુક્રમે ૨: ૧ના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચતા ભાગીદારો હતા. તેમનું ૩૧ મી માર્ચ–૨૦૧૭નારોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૪)

પાકું સરવૈયું

| જવાબદારી | | રૂા. | મિલકત | રૂા. |
|---|---|---|---|---|
| મૂડી ખાતાઃ | | | સ્થિર મિલકતો | |
| માહી | ૧,૦૦,૦૦૦ | | (રૂા.૩૦,૦૦૦ ની બે | ૧,૫૦,૦૦૦ |
| કોહલી | <u>૮૦,૦૦૦</u> | ૧,૮૦,૦૦૦ | મોટરકારો સહિત) | |
| ચાલુ ખાતા : | | | સ્ટોક | ૬૦,૦૦૦ |
| માહી | ૪૨,૦૦૦ | | દેવાદારો | ૯૯,૦૦૦ |
| કોહલી | <u>૨૫,૦૦૦</u> | ૧૭,૦૦૦ | લેણીહૂંડી | ૨૬,૦૦૦ |
| કોહલીની લોન | | ૬૩,૦૦૦ | બેંક | ૨૦,૦૦૦ |
| માલનાલેણદારો | | ૧,૧૦,૦૦૦ | જાહેરાત ઉપલક ખાતું | ૧૫,૦૦૦ |
| | | <u>૩,૭૦,૦૦૦</u> | | <u>૩,૭૦,૦૦૦</u> |

તેઓએ પેઢીનો ધંધો બંધ કરવાનો નિર્ણય કર્યો અને બે મોટરકારો સિવાયની સ્થિર મિલકતો તથા સ્ટોક રૂા.૩,૩૫,૦૦૦માં લેવાની જયભારતી કંપની લિ.ની દરખાસ્ત સ્વીકારી. દેવાદારો પાસેથી રૂા.૯૭,૦૦૦ અને લેણીહૂંડીના રૂા. ૨૪,૦૦૦ વસૂલ થયા. લેણદારોએ ૫% વટાવ આપ્યો.

ખરીદ કિંમત પેટે રોકડ રૂા.૮૩,૦૦૦ , રૂા.૧૦નો એક એવા ૮,૦૦૦ પ્રેફ. શેર (દરેક રૂા.૯ લેખે) અને બાકીના રૂા.૨૦નો એક એવા ૯,૦૦૦ ઈકિવટી શેર આપવાનું નકકી થયું.

ખરીદકિમતની વહેંચણી માટે ભાગીદારો નીચે મુજબ સંમત થયા :

(૧) માહી એક મોટરકાર રૂા.૨૫,૦૦૦ની કિંમતે અને બીજી મોટરકાર કોહલી રૂા.૧૫,૦૦૦ની કિમતે લેશે.
(૨) કોહલી તેની લોનની રકમ પેટે પ્રેફરન્સ શેર લેશે અને બાકીના પ્રેફરન્સ શેર માહી લેશે.
(૩) માહી અને કોહલી તેમની સ્થિર મૂડીના પ્રમાણમાં ઈકિવટીશેર લેશે.
(૪) બાકીની ચૂકવણી રોકડમાં થશે.

પેઢીના હિસાબી ચોપડા બંધ કરવા પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

**અથવા**

૨. એમ, વી અને આર અનુક્રમે ૩ : ૨: ૧ના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. (૧૪)
તા. ૩૧–૩–૨૦૧૭નારોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

પાકું સરવૈયું

| મૂડી–દેવા | રૂા. | મિલકત–લેણા | રૂા. |
|---|---|---|---|
| મૂડી : | | કાયમિ મિલકતો | ૧,૫૪,૦૦૦ |
| એમ – ૧,૦૧,૨૦૦ | | રોકડ સિલક | ૧૬,૫૦૦ |
| વી – ૫૩,૯૦૦ | | ચાલુ મિલકતો (રોકડ સિવાય) | ૬૩,૮૦૦ |
| આર – ૧૯,૮૦૦ | ૧,૭૪,૯૦૦ | ઉપાડ : | |
| અનામત ભંડોળ | ૧૬,૫૦૦ | એમ – ૮,૮૦૦ | |
| તારણવાળી લોન | ૨૮,૬૦૦ | વી – ૨,૨૦૦ | |
| દેવી હૂંડી | ૧૩,૨૦૦ | આર– ૨,૨૦૦ | ૧૩,૨૦૦ |
| લેણદારો | ૧૪,૩૦૦ | | |
| | ૨,૪૭,૫૦૦ | | ૨,૪૭,૫૦૦ |

વધારાની માહિતી :

(૧) વિસર્જન ખર્ચ અંદાજિત રૂા. ૮,૮૦૦ , ખરેખર સંપાદન ખર્ચ રૂા. ૧૧,૦૦૦
(૨) મિલકતોની ઉપજ :

| | |
|---|---|
| એપ્રિલ | રૂા. ૨૪,૨૦૦ |
| મે | રૂા. ૩૭,૪૦૦ |
| જૂન | રૂા. ૩૯,૬૦૦ |
| જુલાઈ | રૂા. ૫૫,૦૦૦ |

મહત્તમ નુકશાનની પધ્ધતિએ રોકડની હપ્તે હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક બનાવો.

૩. એક લિમિટેડ કંપનીની તા.૩૧–૩–૨૦૧૭ના રોજની નીચે આપેલ બાકીઓ પરથી કંપની ધારા–૨૦૧૩ના પરિશિષ્ટ –૩ મુજબનું પાકું સરવૈયું તૈયાર કરો. (૧૪)

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી | ૨૬,૦૦,૦૦૦ | જમીન–મકાન | ૧૫,૫૪,૯૭૦ |
| સામાન્ય અનામત | ૩૦,૦૦૦ | મ્યુચ્યુઅલ ફંડ | ૧,૬૮,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું(જમા) | ૨૧,૪૯૦ | અગાઉથી ચૂકવેલ વીમો | ૨૫,૦૦૦ |
| ૧૨% ના ડિબેંચર | ૪,૦૦,૦૦૦ | પાઘડી | ૧૦,૦૦,૦૦૦ |
| લેણદારો | ૯૨,૫૬૦ | કર્મચારીને એડવાન્સ | ૧,૫૦,૦૦૦ |
| બેંક ઓવરડ્રાફટ | ૨,૪૫,૧૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૩,૭૫,૦૦૦ |
| વ્યાજ ચૂકવવાપાત્ર | ૩૨,૪૦૦ | દેવાદારો | ૧,૩૮,૫૨૦ |
| સૂચિત ડિવિડન્ડ | ૮૨,૦૦૦ | સ્ટોર્સ અને પાર્ટ્સ | ૧,૭૭,૮૦૦ |
| ગ્રેજયુઈટી | ૩,૦૦,૦૦૦ | લેણી હૂંડી | ૪૪,૬૦૦ |
| રોકડ | ૧,૫૭,૧૬૦ | ડિબેંચર વટાવ | ૧૨,૫૦૦ |

**<u>અથવા</u>**

૩. પીનલ, મીનલ , જિનલ અને ડિનલ ૧ : ૨: ૩ :૪ ના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. (૧૪)
તા.૩૧–૩–૨૦૧૭ના રોજ પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું ત્યારની બાકીઓ નીચે મુજબ હતી.

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| પીનલની મૂડી (ઉધાર) | ૨૬,૦૦૦ | અનામત ભંડોળ | ૫૨,૦૦૦ |
| રોકડ | ૧૩,૦૦૦ | કાયમિ મિલકતો | ૧૧,૫૭,૦૦૦ |
| ઘાલખાધ અનામત | ૧૩,૦૦૦ | રોકાણો | ૧,૪૮,૨૦૦ |
| લેણદારો | ૨,૪૭,૦૦૦ | દેવાદારો | ૧,૯૫,૦૦૦ |
| ડિનલની લોન | ૧,૩૦,૦૦૦ | કિનલની લોન | ૫૨,૦૦૦ |
| રોકાણ વધ ઘટ ફંડ | ૧૮,૨૦૦ | ઘસારા ભંડોળ | ૧,૧૭,૦૦૦ |
| સ્ટોક | ૨,૬૦,૦૦૦ | દેવીહૂંડી | ૧,૨૪,૮૦૦ |
| કામદાર અકસ્માત વળતર ફંડ | ૩૯,૦૦૦ | મીનલની મૂડી | ૭,૨૮,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું (ઉધાર) | ૨,૬૦,૦૦૦ | જિનલની મૂડી | ૫,૪૬,૦૦૦ |
| સંયુકત જીવનવીમા પોલીસી રોકાણ | ૩૩,૮૦૦ | ડિનલની મૂડી | ૨૬,૦૦૦ |

વિસર્જન અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) કાયમી મિલકતોના ૨૫% ઓછા ઉપજયા.
(૨) ૭૦% સ્ટોકના ૯૦% ઉપજયા જયારે બાકીના સ્ટોકના ૨૦% વધુ ઉપજયા
(૩) દેવાદારો પાસેથી ચૂકતેના હિસાબે ૭૨% વસૂલ થઈ શકયા
(૪) સંયુકત જીવન વીમા પોલિસીના રૂા. ૩૧,૦૦૦ ઉપજયા
(૫) બેંકમાં વટાવેલી એક લેણીહૂંડી નકારાઈ જેના રૂા.૨૭,૦૦૦ બેન્કને ચૂકવ્યા હૂંડી સ્વીકારનાર પાસેથી કશું જ મળી શકયું નથી.
(૬) એક કામદારને થયેલ અકસ્માત અંગેનો એક દાવો સ્વીકારવામાં આવ્યો અને તે પેટે રૂા.૯,૦૦૦ ચૂકવ્યા.
(૭) પેઢીએ વિસર્જન ખર્ચ પેટે રૂા. ૨૭,૦૦૦ ચૂકવ્યા.
(૮) પીનલ નાદાર જાહેર થઈ.
(૯) બધાં જ ભાગીદારોની અંગત મિલકતો અને દેવાં નીચે મુજબ હતા.

| ભાગીદાર | પીનલ | મિનલ | જિનલ | ડિનલ |
|---|---|---|---|---|
| અંગત મિલકતો | ૨૦,૮૦૦ | ૨૦,૦૦૦ | ૩૯,૦૦૦ | ૬૫,૦૦૦ |
| અંગત દેવાં | ૭,૮૦૦ | ૬,૦૦૦ | ૧૩,૦૦૦ | ૫૨,૦૦૦ |

ભાગીદારી પેઢીના ચોપડે ગાર્નર વિ. મૂરેના ચૂકાદા પ્રમાણે જરૂરી ખાતા તૈયાર કરો.

૪. ટૂંકનોંધ લખો. ( કોઈપણ ત્રણ) (૧૨)

(૧) ખરીદ કિંમતની ગણતરીની રીતો

(૨) હિસાબી ધોરણનું મહત્વ

(૩) ગાર્નર વિ. મૂરેનો ચૂકાદાની ટીકાઓ

(૪) પાકા સરવૈયાની મર્યાદાઓ

(૫) હિસાબી ધોરણો બહાર પાડવાની કાર્યવાહી

%%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

## Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

વિષય : ધંધાકીય આંકડાશાસ્ત્ર પેપર–૧

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૪/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) બે પાસાને એક સાથે ફેંકતા બંને પાસા પર મળતા અંકોનો તફાવત ૨ આવે તેની સંભાવના શોધો.

(૨) જો $2P(A) = 3P(B) = 4P(A\cap B) = {}^1/_2$ હોય તો (i) $P(A\cup B)$ (ii) $P(A' \cap B)$ શોધો.

(૩) ૨ × ૨ કોષ્ટક

| | |
|---|---|
| 10 | 30 |
| x | 9 |

નો ગુણાત્મક સંબંધ " 0" હોય તો X ની કિંમત શોધો.

(૪) કિંમત શોધો $\lim_{X\to -1} \frac{x^3+1}{x^2-1}$

(૫) ૪ એકમોના એક એવા ૧૦ ઉપસમૂહોના $\bar{x}$ નકશા માટે પ્રક્રિયાની સરેરાશ ૨૦ અને પ્રક્રિયાનું સરેરાશ વિચલન ૪ હોય તો $\bar{x}$ નકશાની નિયંત્રણ સીમાઓ મેળવો.

૨. (અ) એક થેલીમાં ૪ લાલ અને ૫ સફેદ દડાઓ છે. બીજી થેલીમાં ૫ લાલ અને ૪ સફેદ દડા છે. પ્રથમ થેલીમાંથી એક દડો લેવામાં આવે છે. અને રંગ જોયા વિના બીજી થેલીમાં નાખવામાં આવે છે. હવે બીજી થેલીમાંથી દડો ખેંચવામાં આવે છે તો તે દડો સફેદ હોવાની સંભાવના શોધો. (૦૫)

(બ) જો કોઈ એક ઘટના બનવાની તરફેણની તક ૪:૧ છે. બીજી કોઈ એક ઘટના બનવાની વિરુધ્ધની તક ૬:૪ છે. તો આ સ્વતંત્ર ઘટનામાંથી ફક્ત કોઈ એક ઘટના બને તેની સંભાવના શોધો. (૦૪)

(ક) એક કોલેજના ૧૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૪૦% વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહે છે. કોલેજનું પરિણામ ૮૦% છે. નાપાસ થયેલમાંથી ૨૫% વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહેતા હતા. હોસ્ટેલમાં રહેઠાણ અને પરીક્ષામાં સફળતા વચ્ચેનો ગુણાત્મક સંબંધાંક યુલની રીતે શોધો. (૦૫)

**અથવા**

૨. (અ) ૧ થી ૪૦ પૂર્ણાંકવાળી ટિકિટમાંથી યદચ્છ રીતે એક ટિકીટ લેવામાં આવે છે. તો તે ટિકીટ (૧) ૨ (૨) ૩ (૩) ૨ અથવા ૩ વડે વિભાજ્ય હોય તેની સંભાવના શોધો. (૦૫)

(બ) મોટર સાઈકલની રેસની સ્પર્ધામાં ત્રણ ગુજરાતીઓની જીતવાની સંભાવના અનુક્રમે ૦.૧ , ૦.૨ અને ૦.૩ છે. તો વધુમાં વધુ એક ગુજરાતી રેસમાં જીતે તેની સંભાવના શોધો. (૦૪)

(ક) નીચેની માહિતી પરથી આવકનું ધોરણ અને શિક્ષણના સ્તર વચ્ચે સરેરાશ વર્ગીય સંભાવના આંક શોધો. (૦૫)

| શિક્ષણનું સ્તર | આવક | | |
|---|---|---|---|
| | ઓછી | મધ્યમ | વધુ |
| સ્કુલ | 15 | 37 | 48 |
| કોલેજ | 12 | 17 | 21 |

૩. (અ) નીચેનાની કિંમત મેળવો. (૦૪)

(1) $\lim_{x \to 1} \left( \log x + \frac{1-x}{1-\sqrt{x}} \right)$

(2) $\lim_{n \to \infty} \frac{1^2 + 2^2 + -- + n^2}{2n^3}$

(બ) નીચેની માહિતી માટે $\bar{x}$ અને R આલેખો દોરો અને તમારા તારણો જણાવો. (૧૦)

( જ્યાં n= 5 $A_2 = 0.58$ , $D_3 = 0$ , $D_4 = 2.11$)

| નિદર્શક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| $\bar{x}$ | 23 | 23 | 22 | 23 | 22 | 20 | 20 | 24 | 25 | 23 |
| R | 8 | 3 | 4 | 8 | 4 | 2 | 4 | 7 | 2 | 4 |

**અથવા**

૩. (અ) x સાપેક્ષ વિકલન મેળવો (૦૪)

(1) $y = e^x \log x^3$

(2) જો $y = x^4 - 4x^3 + 3x^2 + x + 1$ હોય તો $\frac{d^2y}{dx^2}$ ની કિંમત x = 0 આગળ મેળવો.

(બ) નીચેની માહિતી પરથી $\bar{x}$ આલેખ દોરી તમારા તારણો જણાવો તથા અપેક્ષિત પ્રમાણિત વિચલન શોધો. (૧૦)

| નિદર્શક્રમ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ $\Sigma X$ | 385 | 375 | 386 | 390 | 387 | 382 | 392 | 393 | 386 | 388 |
| મહત્તમ કિંમત | 80 | 80 | 81 | 80 | 81 | 79 | 80 | 81 | 80 | 80 |
| ન્યૂનતમ કિંમત | 72 | 70 | 72 | 76 | 72 | 75 | 77 | 75 | 73 | 75 |

( જ્યાં n = 5 , $D_3 = 0$ , $D_4 = 2.115$ , $A_2 = 0.577$, $d_2 = 2.326$ )

૪. ટૂંકનોંધ લખો (કોઈપણ **<u>ત્રણ</u>**) (૧૨)

(૧) ઉત્પાદન પ્રક્રિયામાં ઉદ્ભવતા ગુણવત્તાના ચલનના કારણોની વિસ્તારથી ચર્ચા કરો.
(૨) સાનુક્રમનો સિધ્ધાંત
(૩) સંભાવનાની સ્વાનુભાવિક વ્યાખ્યા આપો. ગણિતીય વ્યાખ્યાની મર્યાદાઓ જણાવો.
(૪) ગુણાત્મક સંબંધ એટલે શું ? માહિતીની સંગતતા કયારે કહેવાય ?
(૫) ગુણાત્મક સંબંધ શોધવાની જુદી જુદી રીતોનું વર્ણન કરો.

%%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૧

વિષય : નાણાકીય હિસાબી પધ્ધતિ–૧

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૨૮/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : જરૂરી તમામ ગણતરીઓ તમારા જવાબના ભાગરૂપે દર્શાવવી.

૧. (અ) નીચેની બાકીઓને પ્રવાહિતાના ક્રમમાં ગોઠવો. (૦૨)

(૧) પ્રોવિડન્ટ ફંડ (૨) જાહેર થાપણો (૩ વર્ષ) (૩) મકાન ફંડ (૪) લેણદારો (૫) બેંક લોન (૨ નર્ષ)
(૬) બાકી ખર્ચા (૭) મૂડી (૮) દેવી હૂંડી

(બ) એક ભાગીદારી પેઢીને કંપની પાસેથી ખરીદ કિંમત પેટે રૂા.૪,૫૦,૦૦૦ના ઈકિવટી શેર દરેક રૂા.૧૦નો એક એવા મળ્યા. મળેલ શેર પૈકી ૨૦% ભાગના શેર ૧૦% પ્રીમિયમે એક ભાગીદારને આપ્યા છે. અને ૪૦% શેર ૧૦% વટાવે વેચી દીધા. (૦૨)

પેઢીના ચોપડે આમનોંધ લખો.

(ક) અ , બ અને ક અનુક્રમે ૩ : ૨ : ૧ ના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓની મૂડી અનુક્રમે રૂા.૩૦,૦૦૦ , રૂા.૨૦,૦૦૦ અને રૂા. ૧૦,૦૦૦ છે. પેઢીનું વિસર્જન કરવામાં આવ્યું અને મિલકતો તથા દેવાનો નિકાલ માટે 'બ' ની નિમણૂંક કરવામાં આવી 'બ' ને મિલકતોની ઉપજાવેલ રકમ પર ૧૦% અને ભાગીદારોને ચૂકવેલ રકમ પર વધારાનું ૧૦% કમિશન આપવાનું છે. જો મિલકતોની ઉપજ રૂા. ૧૧,૦૦૦ હોય તો રોકડની હપ્તે –હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક મૂડી વધારાની પધ્ધતિ મુજબ તૈયાર કરો. (૦૩)

(ડ) જય , વિજય , સંજય અને અજય સરખા હિસ્સે નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે રૂા.૬૦,૦૦૦ (જમા), રૂા.૨૦,૦૦૦ (જમા), રૂા.૨૦,૦૦૦ (ઉધાર) અને રૂા.૩૧,૦૦૦ (ઉધાર) બાકી દર્શાવે છે. માદ મિલકત નિકાલ ખાતાની ખોટ રૂા.૨૦,૦૦૦ છે. અજય નાદાર છે. તેની મિલકતમાંથી કોઈ રકમ મળી શકી નથી. ભાગીદારી પેઢીના ચોપડે અજયની મૂડીતૂટ અંગે ગાર્નર વિ. મૂરેના ચુકાદા મુજબ આમનોંધ લખો. (૦૨)

(ઈ) નીચેના અંગે હિસાબી ધોરણ જણાવો. (નંબર) (૦૧)

(૧) હિસાબી નીતિઓનું પ્રગટીકરણ (૨) ઘસારાના હિસાબો

૨. શ્રી પરિમલની તા.૩૧–૩–૨૦૧૬ના રોજની નીચેની બાકીઓ પરથી ગણતરી કરો. (૧૪)

(૧) કાયમી મિલકતો (૨) મૂડી (૩) લાંબાગાળાની લોન (૪) અવાસ્તવિક મિલકતો (૫) ચોખ્ખી કાર્યશીલ મૂડી
(૬) અદ્રશ્ય મિલકતો (૭) રોકાયેલી મૂડી

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---:|---|---:|
| જી.એસ.એફ.સી.ની લોન | ૧૮,૦૦૦ | બેંક લોન | ૫૪,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું (ઉધાર) | ૨૧,૬૦૦ | કારીગર અકસ્માત વળતર ફંડ | ૩૬,૩૯૮ |
| દેવાદારો | ૧,૬૨,૦૦૦ | પાઘડી | ૧૮,૦૦૦ |
| કોપીરાઈટ | ૬,૦૦૦ | રોકડ સિલક | ૧૮,૧૯૮ |
| ફર્નિચર | ૭૨,૦૦૦ | લેણીહૂંડી | ૧૮,૦૦૦ |
| દેવીહૂંડી | ૪૮,૦૦૦ | ખર્ચા ચૂકવવાના બાકી | ૩૬,૦૦૦ |
| જમીન–મકાન | ૧,૬૨,૦૦૦ | સ્ટોક | ૩૬,૦૦૦ |
| વિકાસ ખર્ચ | ૭,૨૦૦ | સામાન્ય અનામત | ૨૧,૬૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૧૮,૦૦૦ | બેંક ઓવર ડ્રાફટ | ૩૬,૦૦૦ |
| લેણદારો | ૫૪,૦૦૦ | યંત્રો | ૫૪,૦૦૦ |
| ટ્રેડમાર્ક | ૭૨,૦૦૦ | અગાઉથી ચૂકવેલ વીમો | ૨૪,૦૦૦ |
| માલિકી ભંડોળ | ૪,૦૬,૯૯૮ | મૂડી | (?) |

**અથવા**

૨. અ , બ અને ક ૨: ૧ : ૧ ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ ભાગીદારી પેઢીનું વિસર્જન કરવાનું નકકી કર્યું. તે દિવસનું તા. ૩૧–૩–૨૦૧૬ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૪)

પાકું સરવૈયું

| જવાબદારી | રૂા. | મિલકત | રૂા. |
|---|---|---|---|
| મૂડી : અ ૧,૨૦,૦૦૦ | | દેવાદારો | ૧,૬૨,૦૦૦ |
| બ ૮૦,૦૦૦ | | સ્ટોક | ૧,૪૪,૦૦૦ |
| ક ૫૪,૦૦૦ | ૨,૫૪,૦૦૦ | યંત્રો | ૯૨,૦૦૦ |
| સામાન્ય અનામત | ૨૪,૦૦૦ | | |
| અ ની લોન | ૩૬,૦૦૦ | | |
| બેન્ક લોન (યંત્રના તારણ પર) | ૬૦,૦૦૦ | | |
| લેણદારો | ૨૪,૦૦૦ | | |
| | ૩,૯૮,૦૦૦ | | ૩,૯૮,૦૦૦ |

મિલકતોના નીચે મુજબ ઉપજયા.

૨૦૧૬.....

મે – ગીરો લોન પૂરેપૂરી ચૂકવી દીધા પછી રૂા. ૧૨,૦૦૦ મળ્યા.

જૂન – દેવાદારો રૂા. ૩૬,૦૦૦, સ્ટોકના રૂા. ૭૨,૦૦૦

જુલાઈ – દેવાદારો રૂા. ૭૨,૦૦૦, સ્ટોકના રૂા. ૧૮,૦૦૦

ઓગષ્ટ – દેવાદારો રૂા. ૩૪,૦૦૦, સ્ટોકના રૂા. ૩૮,૦૦૦

બાકીનો સ્ટોક રૂા. ૮,૦૦૦ નકકી કરેલ કિંમતે બ લઈ ગયા. પરચૂરણ લેણદારોને ચૂકતેના હિસાબે રૂા. ૨૦,૦૦૦ ચૂકવ્યા.

મૂડી વધારાની પધ્ધતિએ રોકડની હપ્તે – હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક બનાવો.

૩. અજય, વિજય અને સંજય સરખે હિસ્સે નફો–નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની તા.૩૧–૩–૨૦૧૬ના રોજની બાકીઓ નીચે મુજબ છે. (૧૪)

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| સ્ટોક | ૨,૧૬,૦૦૦ | લેણદારો | ૧,૮૦,૦૦૦ |
| પાઘડી | ૧,૪૪,૦૦૦ | દેવાદારો | ૩,૯૬,૦૦૦ |
| સામાન્ય અનામત | ૭૨,૦૦૦ | બેંકની લોન | ૪,૩૨,૦૦૦ |
| રોકડ સિલક | ૨,૧૬,૦૦૦ | જમીન–મકાન | ૪,૬૮,૦૦૦ |
| ઘાલખાધ | ૭૨,૦૦૦ | નફા–નુકશાન ખાતું (ઉધાર) | ૧,૪૪,૦૦૦ |

ભાગીદારોની મૂડી ૧ : ૨ : ૩ ના પ્રમાણમાં હતી. તા. ૧–૪–૨૦૧૬ના રોજ પેઢીનું વિસર્જન થયું વિસર્જન અંગે નીચેની માહિતી પ્રાપ્ત થઈ છે.

(૧) સંજયે જમીન–મકાન ૮૫% કિંમતે લઈ લીધા અને બેન્ક લોન ૧૪% વ્યાજ સહિત ચૂકવવાનું સ્વીકાર્યુ.

(૨) લેણદારોને ૧૦% વ્યાજ સહિત ચૂકવવા પડયા.

(૩) સ્ટોકના રૂા. ૧,૮૦,૦૦૦ ઉપજયા. દેવાદારોને રૂા. ૨૪,૦૦૦નો વટાવ આપી રોકડ મેળવી લીધી.

(૪) વટાવેલી રૂા. ૫૪,૦૦૦ની હૂંડી નકારાઈ જેનાં નાણા પેઢીએ ચૂકવી દીધા.

(૫) ચોપડે નહી નોંધાયેલા રૂા. ૪૩,૬૦૦ના રોકાણોના રૂા. ૩૬,૮૮૦ ઉપજયા.

(૬) વિજયે વિસર્જન ખર્ચ ચૂકવવાનું સ્વીકાર્યુ જેના બદલામાં પેઢીએ રૂા. ૨૧,૬૦૦ આપવાનું નકકી કર્યુ ખરેખર વિસર્જન ખર્ચ રૂા. ૧૮,૦૦૦ થયો.

(૭) અજય નાદાર જાહેર થયો તેની અંગત મિલકતમાંથી રૂા. ૧,૦૫૮ વસૂલ થઈ શકયા.

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડા બંધ કરવા માટે ગાર્નર વિ. મૂરેના ચૂકાદાને ધ્યાનમાં લઈને
(૧) સંપાદન ખાતું (૨) ભાગીદારોના મૂડી ખાતા (૩) રોકડ ખાતું તૈયાર કરો.

**અથવા**

૩. રામ અને રહીમ મૂડીના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચી લેતાં એક પેઢીના ભાગીદારો હતા. તા.૩૧–૩–૨૦૧૬ના (૧૪)
રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું.

| મૂડી–દેવા | રૂા. | મિલકતો – લેણા | રૂા. |
|---|---|---|---|
| મૂડી : રામ ૩,૮૫,૬૦૦ | | દેવાદારો | ૩,૬૦,૦૦૦ |
| રહીમ ૫,૭૮,૪૦૦ | ૯,૬૪,૦૦૦ | સ્ટોક | ૬,૭૬,૦૦૦ |
| સામાન્ય અનામત | ૨,૫૦,૬૪૦ | રોકાણો | ૧,૬૦,૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૧,૮૦,૦૦૦ | ફર્નિચર | ૩,૪૩,૨૪૦ |
| લેણદારો | ૩,૯૯,૯૯૬ | યંત્રો | ૩,૮૦,૦૦૦ |
| કામદાર અકસ્માત વળતર ફંડ | ૧,૪૪,૬૦૦ | બેંક–રોકડ સિલક | ૭૯,૯૯૬ |
| કામદાર નફા–ભાગ ભંડોળ | ૬૦,૦૦૦ | | |
| | ૧૯,૯૯,૨૩૬ | | ૧૯,૯૯,૨૩૬ |

તા. ૧–૪–૨૦૧૬ના રોજ પેઢીનું 'એકતા' લિમિટેડ કંપનીમાં નીચેની શરતોથી રૂપાંતર કરવામાં આવ્યું.

(૧) દેવાદારો પર ૯% ઘાલખાદ્ય અનામત રાખવી.

(૨) પાઘડીના રૂા. ૫,૧૬,૦૦૦ કંપની ચૂકવશે.

(૩) કંપની ફર્નિચર અને બેંક–રોકડ સિલક સિવાયના તમામ મિલકતો અને દેવાં લઈ લેશે.

(૪) કંપની યંત્રો અને સ્ટોક બજાર કિંમતે લે છે. પેઢીના સરવૈયામાં યંત્રો બજાર કિંમત કરતાં ૫% ઓછી કિંમતે અને સ્ટોક બજાર કિંમત કરતાં ૩૦% વધુ કિંમતે દર્શાવેલ છે.

(૫) ફર્નિચરના ૮૬% ઉપજયા અને વિસર્જન ખર્ચ રૂા. ૨૧,૬૦૦ થયો.

(૬) ખરીદ કિંમત પેટે કંપની ૭૨,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂા.૧૦નો એક એવા ૧૦% પ્રીમિયમે અને રૂા.૯૬૦૪ બેંક ડ્રાફટ આપ્યા બાદ બાકીના કંપનીના રૂા.૧૦૦નો એક એવા ૯%ના ડિબેંચર આપે છે.

કંપની પાસેથી મળેલ શેરમાંથી ૪૫૨૦ ઈક્વિટી શેર પડતર કિંમતમાં રૂા. ૪ નફો લઈ વેચી દેવામાં આવ્યા.
બાકીના શેર અને ડિબેંચર નફા–નુકશાનના પ્રમાણમાં ભાગીદારો વહેંચી લેશે.

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

૪. ટૂંકનોંધ લખો. ( કોઈપણ ત્રણ) (૧૨)

(૧) હિસાબી ધોરણોની ઉપયોગિતા

(૨) હિસાબી ધોરણો બહાર પાડવાની કાર્યવાહી

(૩) હિસાબી ધોરણ બોર્ડના કાર્યો.

(૪) ગાર્નર વિ. મૂરેનો ચૂકાદો

(૫) ખરીદ કિંમતની ગણતરી માટેની અવેજ પધ્ધતિ.

%%%%%%%%